પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૨ | ૨ ઓક્ટોબર, ૨૦૨૨, રવિવાર; આસો સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં 5G નેટવર્ક સર્વિસ લોન્ચ

**વડાપ્રધાન મોદીએ દેશમાં ૫૨ નેટવર્ક સર્વિસનું ઉદ્દ્ઘાટન કર્યું : ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં મહાનુભાવોની હાજરી કાર્યક્રમ સંપન્ન : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દેશમાં દિવાળી સુધીમાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા જેવા મેટ્રો શહેરોમાં ૫૨ સેવા શરૂ થશે એવી જાહેરાત કરી હતી**




નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (આઈએમસી ૨૦૨૨)નું ઉદ્દ્ઘાટન કર્યું હતું. તે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસની છઠ્ઠી એડિશન છે અને ૪ ઓક્ટોબર સુધી ચાલું રહેશે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીની સાથે ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણ, રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણી ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાર બાદ વડાપ્રધાન મોદીએ ૫૨ નેટવર્ક સર્વિસનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. તે સમયે રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણીએ તેમને ૫૨ સર્વિસ અંગે જાણકારી આપી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે દેશમાં દિવાળી સુધીમાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા જેવા મેટ્રો શહેરોમાં 5G સેવા શરૂ થઈ જશે તેમ જાહેર કરેલું હતું. જ્યારે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં દેશના દરેક રાજ્યોમાં 5G સર્વિસ ઉપલબ્ધ થઈ જશે.

આ દરમિયાન વડાપ્રધાને પ્રગતિ મેદાનમાં પર્દર્શનીનું નિરીક્ષણ કર્યું હતું. 5G ટેલિકોમ

● અનુસંધાન પાન-૭ પર

# જ્ઞાનવાપીની સુનાવણી ચાલે છે તે કોર્ટ પરિસરને ઊડાડી દેવાની ધમકી

**યુપીમાં બે ધમકી કૌલથી લખનૌથી વારાણસીમાં હલચલ : લખનૌમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ફોન કરનારા ફુલવરિયાના શાકભાજી વેચનારને પોલીસે કસ્ટડીમાં લીધો**

નવી દિલ્હી, તા.૧

ઉત્તર પ્રદેશમાં બે ધમકીભર્યા ફોન કોલ આવવાથી લખનૌથી વારાણસી સુધી હલચલ મચી ગઈ છે. એક ધમકીભર્યો કોલ લખનૌમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને આવ્યો હતો, જ્યારે બીજો કોલ વારાણસીના એસપી ગ્રામીણને આવ્યો હતો. આ બંને ફોન કોલ્સમાં જ્ઞાનવાપી કેસની સુનાવણી ચાલી રહી છે તે કોર્ટ પરિસરને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ ધમકીભર્યા કોલના કારણે પોલીસ વિભાગ પણ દોડતી થઈ ગઈ હતી.




શુક્રવારની મધ્યરાત્રિએ લખનૌમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને એક ફોન આવ્યો હતો, જેમાં કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

વારાણસીના ફુલવરિયાથી સીએમ આવાસ પર કોલ કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે તપાસ કરતાં તે શાકભાજી વિક્રેતાનો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તાત્કાલિક શાકભાજી વેચનારને કસ્ટડીમાં લીધો હતો.

જોકે, આ આખી ઘટનામાં જેના નંબરથી કોલ આવ્યો હતો તે શાકભાજી વિક્રેતાનું કહેવું છે કે, તેમનો ફોન ચોરાઈ ગયો હતો. કોઈએ તેના ફોન સાથે મસ્તી કરી છે. સીએમ નિવાસે વારાણસી કમિશનરે આ અંગે જાણ કરી હતી, ત્યારબાદ પોલીસે આ કાર્યવાહી કરી હતી. ફોન કરનાર આરોપી હજુ પકડની બહાર છે. કહેવામાં આવી રહ્યું છે કે, એસપી ગ્રામ્યના ફોન પર મુખ્યમંત્રીને લઈને ધમકી આપવામાં આવી હતી.

# કોમર્શિયલ સિલિન્ડરમાં ૩૬ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી,તા.૧

કોમર્શિયલ ન્ૅ ગેસની કિંમતોને લઈને મોટા સમાચારા સામે આવી રહ્યા છે. જણાવી દઈએ કે, દેશની ગેસ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરની કિંમત નક્કી કરે છે. ૧ ઓગસ્ટના રોજ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૬ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. કોમર્શિયલ ન્ૅ ગેસ મોટે ભાગે હોટલ, ખાદ્યપદાર્થોની દુકાનો વગેરેમાં વપરાય છે. આ તમામ એકમોને કિંમતોમાં ઘટાડાથી મોટી રાહત મળશે. આ સતત ચોથો મહિનો છે, જ્યારે કોમર્શિયલ ગેસના ભાવમાં ઘટાડો થયો છે. જ્યારે ૧ એપ્રિલે આ સિલિન્ડરની કિંમતમાં ૨૪૯.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. મનીકંટ્રોલની ખબર અનુસાર, નવા નિયમોના પ્રમાણે હવે વર્ષમાં સબસિડી વાળા ૧૨ સિલિન્ડરની સંખ્યા ૧૨ જ હશે. તેનાથી વધારે જો તમે સિલિન્ડર ખરીદો છો, તો તેના પર સબસિડી મળશે નહિ. બાકીના સિલિન્ડર ગ્રાહકોને સબસિડી વિના જ ખરીદવા પડશે. જાણકારી અનુસાર, રેશનિંગ માટે સોફ્ટવેરમાં બદલાવ કરવામાં આવ્યો છે. આ નિયમ લાગૂ કરી દેવામાં આવ્યા છે.

ખાસ વાત તો એ છે કે, નવા નિયમ એટલા માટે લાગૂ કરવામાં આવ્યા છે, કારણકે ઘણા સમયથી ફરિયાદો મળી રહી હતી કે, ઘરેલુ બિન-સબસિડી રીફિલ કોમર્શિયલથી સસ્તી થવાને કારણે તેના ઉપયોગમાં વધારો થયો હતો.

# મની લોન્ડરિંગનો કેસ અન્ય કોર્ટમાં ટ્રાન્સફરની જૈનની અરજી ફગાવાઈ

**દિલ્હી હાઈકોર્ટના આદેશથી આપના નેતાની મુશ્કેલી વધી : પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આ મામલાને ટ્રાન્સફર કરતી વખતે તમામ તથ્યોને ધ્યાનમાં લીધા છે**

નવી દિલ્હી, તા.૧

દિલ્હી હાઈકોર્ટે શનિવારે શહેરના મંત્રી સત્યેન્દ્ર જૈનની તેમની સામેના મની લોન્ડરિંગ કેસને અન્ય કોર્ટમાં ટ્રાન્સફર કરવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ યોગેશે કહ્યું કે, પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આ મામલાને ટ્રાન્સફર કરતી વખતે તમામ તથ્યોને ધ્યાનમાં લીધા છે અને નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આ મની લોન્ડરિંગ કેસની તપાસ કરી રહી છે.

તેમણે કહ્યું કે અમુક સંજોગોને ધ્યાનમાં રાખીને ઈડીને એવી આશંકા હતી કે, ન્યાય ન થઈ શકે અને તે એવું માને છે કે, આવી આશંકાને પક્ષના દષ્ટિકોણથી જોવી જોઈએ. કોર્ટે કહ્યું કે, અહીં પ્રશ્ન ન્યાયાધીશની પ્રામાણિકતાનો નથી પરંતુ એક પક્ષકારના મનમાં રહેલી આશંકાનો છે.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે, એજન્સી દ્વારા ઉભી કરવામાં આવેલી આશંકામાં વિલંબ થયો નથી અને તથ્યો દર્શાવે છે કે, વિભાગે આવી આશંકા માત્ર તેના મગજમાં રાખી નથી પરંતુ આ કોર્ટમાં ગયા છે તેથી તેને ગેરવાજબી ગણી શકાય નહીં. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, આથી અરજી ફગાવી દેવામાં આવે છે. જૈને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ વિનય કુમાર ગુપ્તાના ૨૩ સપ્ટેમ્બરના આદેશને પડકારતા હાઈકોર્ટમાં ગયા હતા.

ટ્રાયલ કોર્ટે મની લોન્ડરિંગ કેસને સ્પેશિયલ જજ ગીતાંજલિ ગોયલ પાસેથી સ્પેશિયલ જજ વિકાસ ધૂલને ટ્રાન્સફર કર્યો હતો. સ્પેશિયલ જજ ગીતાંજલિ ગોયલ તેમની જામીન અરજી પર સુનાવણી કરી રહ્યા હતા.

તપાસ એજન્સી દ્વારા કેસ ટ્રાન્સફર કરવાની અરજી પર જિલ્લા ન્યાયાધીશે આ ચુકાદો આપ્યો હતો. કેટલાક મુદ્દા ઉઠાવીને તપાસ એજન્સીએ આ મામલાને અન્ય ન્યાયાધીશને મોકલવાની વિનંતી કરી હતી.

ઈડીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ૨૦૧૭માં આપ નેતા વિરુદ્ધ નોંધાયેલી સીબીઆઈ એફઆઈઆરના આધારે જૈન અને અન્ય બે વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

# ખેલાડીએ ખેલૈયાઓ સાથે ગરબાની રમઝટ બોલાવી





**ગોલ્ડમેડાલિસ્ટ મીરા ચાનુ ગાંધીનગરના કલ્ચરલ ગ્રાઉન્ડમાં મન મૂકીને ગરબે ઘૂમ્યાં.**

ગાંધીનગરના કલ્ચરલ ફોરમમાં નવલી નવરાત્રિ સોળે કલા ખીલી ઊઠી છે. કલ્ચરલ ફોરમની નવરાત્રિ-૨૦૨૨માં પહેલા નોરતેથી જ ખેલૈયાઓ મન મૂકીને ગરબાની મોજ માણી રહ્યા છે. ખેલૈયાઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ છલકાઈ રહ્યો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉલ્લાસ અને ઉમંગભર્યા વાતાવરણમાં યુવાધન હિલોળે ચડયું છે. ત્યારે ગઈકાલે પાંચમા નોરતે દેશનું ગૌરવ વધારનાર પદ્મશ્રી મીરાબાઈ ચાનુ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. અહીં કલ્ચરલ ફોરમના ગરબા નિહાળીને વેઈટલિફ્ટર મીરાબાઈ પણ પોતાને રોકી શક્યાં નહોતાં અને ગરબાના તાલે ઝૂમી ઊઠયાં હતાં. મીરાબાઈ ચાનુએ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૮, ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦20 અને છેલ્લે બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ ત્રણ મોટી રમત અને ત્રણ મોટા મેડલ મીરા ચાનુના નામે છે. આ રેકોર્ડ ભારતની સ્ટાર વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુનો છે.

ગાંધી જયંતિ ઉત્સવ
Khadi India
વિશેષ વળતર
તા. ૨ ઓક્ટોબર ૨૦૨૨ થી શરૂ.....
દિવાળી સુધી દર રવિવારે ભવન સવારે ૧૦થી રાત્રીનાં ૮ સુધી ખુલ્લા રહેશે.
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ સંચાલિત
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન: ૨૩૨૨૨૩૩૩
રસોઈ માધ્યમની તમામ ગૃહ ઉપયોગી શુદ્ધ વસ્તુઓ માટે
ખાદીમાં ડેનીમ જીન્સ આધુનીક રેડીમેઈડ ગારમેન્ટ
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬ ● ફોન: ૨૯૬૨ ૨૭૬૧
શુટીંગ-શર્ટીંગ ● સાડી ● ડ્રેસ મટીરીયલ
રેડીમેઈડ કપડા ● નેપકીન ● ચાદર
આસન ● શેત્રંજી ● છીંટ ● ટેપેસ્ટ્રી
ગુજરાતની સુતી-રેશમ ખાદી ઉપર 40% સુધી વળતર
પરપ્રાંત ખાદી ઉપર 20% સુધી વળતર
સૌરસ સાબુ (ISO સર્ટીફાઈડ)
ન્હાવા તથા ધોવામાં ઉપયોગી
● શુધ્ધતામાં સર્વશ્રેષ્ઠ
● ચરબી રહિત
(વ્યાપારીક પુછપરછ આવકાર્ય)
079-25834770
વોશીંગ મશીન માટે પાવડર તથા લીકવીડ સોપ
ન્હાવાના સાબુ
ગુલાબ, સેન્ડલ, કેની, એલોવીરા, લાઈમ, લીમડા મોઈસ્યુરાઈજ અને ઓરેન્જ ફ્લેવર્સમાં ઉપલબ્ધ.
● ડીશ વોશ લીકવીડ તથા ફ્લોર ક્લીનર ●
ખાદી અપનાવીએ - પર્યાવરણની રક્ષા કરીએ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

## ખડગેનું રાજ્યસભામાં વિપક્ષના નેતા પદેથી રાજીનામું

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણીના અનુસંધાને તે માટે નામાંકન દાખલ કરનારા દિગ્ગજ નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકેના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. તેમણે 'એક નેતા એક પદ' આ નિયમને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને પોતાનું રાજીનામુ મોકલી આપ્યું છે. ઉદયપુર ખાતે યોજાયેલી કોંગ્રેસની ચિંતન શિબિરમાં કોઈ પણ વ્યક્તિ પાર્ટીમાં ૨ પદ પર નહીં રહે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખડગેએ ૩૦ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે નામાંકન દાખલ કર્યું હતું.

## મુંબઈના કાંદિવલીમાં ચાર રાઉન્ડ ફાયરિંગ, એકનું મોત

**ત્રણઇજાગ્રસ્ત : ડીસીપીના જણાવ્યા પ્રમાણે, બે છોકરા બાઇક પર બેસીને આવ્યા અને કાંદિવલીમાં ફાયરિંગ કર્યુ હતુ**

મુંબઈ,તા.૧

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં અચાનક ફાયરિંગની ઘટના બની છે. ફાયરિંગની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી પ્રમાણે, શુક્રવારે રાતે સવા ૧૨ વાગ્યા આસપાસ અંગત અદાવતમાં ફાયરિંગની ઘટના બની હતી. ત્યારે મુંબઈના કાંદિવલીમાં બાઈક પર બેસીને બે યુવક આવ્યા હતા અને અચાનક ધડાધડ ફાયરિંગ કરવા લાગ્યા હતા. મળતી માહિતી પ્રમાણે, કાંદિવલીમાં અચાનક કરવામાં આવેલી ફાયરિંગને કારણે ૪ લોકોના મોત નીપજ્યા છે. તેમાંથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પોલીસે ફાયરિંગની ઘટનાને અંગત વિવાદ જણાવી રહી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, જૂની અદાવતમાં આ ઘટના બની હતી. ફાયરિંગમાં જે શખ્સનું મોત થયું છે તેનું નામ અંકિત યાદવ છે. કહેવાય રહ્યુ છે કે, ગોળી મારનારા લોકો અને પીડિત શખ્સ પહેલેથી જ એકબીજાને જાણે છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે, આરોપીઓએ ધડાધડ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. મુંબઈ પોલીસના ડીસીપી વિશાલ ઠાકુરના જણાવ્યા પ્રમાણે, બે છોકરા બાઈક પર બેસીને આવ્યા અને કાંદિવલીમાં ફાયરિંગ કર્યુ હતુ. બાઈક પર સવાર થઈને આવેલા યુવકો ફાયરિંગ કર્યા પછી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ફાયરિંગની ઘટના પાછળનું કારણ શું છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

Please join us as we celebrate the
GRAND OPENING
of Gandhinagar's first
RELAXO
sparx | FLITE | Bahamas | SCHOOLMATE A STEP AHEAD
Footwear Factory Outlet
We await you with snacks and ATTRACTIVE BEST OFFERS on all footwear until Diwali
-:INVITED BY:-
Trom Industries Limited
ADDRESS : B-53/A, G.I.D.C, Electronic Estate, Sector - 25, Gandhinagar.
DATE : 2nd October 2022, Sunday
TIME : 10:00 AM to 6:PM
To get our location on Google MAP Please, scan this QR Code.